# પોશીના પંથકમાં લોહીયાળ ધિંગાણાથી હોળીનાં સમૂહનૃત્યોને ઝાંખપ....

## ઢોલની દાંડી પીટાયા પછી થતી હોળીની ઉજવણી : વેરની વસુલાત માટે હોળી પર હિંસક હુમલા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં બહુમૂલ આદિવાસી વસતી ધરાવતા પોશીના પંથકમાં ગંછાલી સહિતના સ્થળોએ પૌરાણિક વારસો ધરબાયેલો છે. એક સમયે કુખ્યાત ડાકુ મણીયા કીકાની ધાક આ વિસ્તારમાં વર્તાતી હતી. વાદ્ય ગુંજતાં થતાં હોવાથી ભૂતકાળના વર્ષોમાં હોળી સમયે આ વિસ્તાર નાંખી ભાત પાડતો હતો પરંતુ હોળીની ઉજવણીમાં લોહીયાળ ધિંગાણાં કાયમી બની જતાં હવે હોળીનું સમૂહનૃત્ય સંભારણારુપ બનીને રહી ગયું છે. ઉજવણી માટેનો સંદેશ આપવા માટે આદિવાસી ગામડાઓમાં




આ વિસ્તારની પ્રજા આમ તો તમામ તહેવારો હર્ષોલ્લાસથી ઉજવતી હોય છે પરંતુ આદિવાસીઓમાં હોળીનું આગવું મહત્વ રહેલું છે. હોળીના એક સપ્તાહ અગાઉ પરંપરાગત ઉજવણી શરુ થતી હોય છે. પરંતુ વર્ષોથી લોહીયાળ ધિંગાણાના કારણે હોળીના સમૂહનૃત્યોને ઝાંખપ લાગી છે. વેરની વસુલાત માટે હોળીનું પર્વ આવતું હોય તેમ હિંસક હુમલા હોળી સમયે વધી જતા હોય છે. આજના આધુનિક યુગમાં પણ હોળી નિમિત્તે જવારા વાવાની પ્રથા યથાવત રહી છે જેમાં આદિવાસી મહિલાઓ ઉજવણી પ્રસંગે માથે જવારા લઈ મૂખીના ઘરે ગેર કરતી હોય છે.

અરવલ્લીની ગીરીકંદરાઓથી ઘેરાયેલા પોશીના તાલુકામાં ૧૭ ગ્રામ પંચાયત અને ૫૯ ગામો આવેલાં છે. જેમાં આજના આધુનિક યુગમાં પણ મહદઅંશે આદિવાસી સંસ્કૃતિ જળવાયેલી રહી છે પરંતુ જેમ સમય બદલાય છે તેમ પરંપરાગત ઉજવણીમાં ઓટ સ્પષ્ટ દેખાઈ રહી છે. આ વિસ્તારના ભૌગોલિક સ્થળોએ વર્ષોથી આદિવાસી પરિવારો વસવાટ કરતા હોવાથી તેમની વિશિષ્ટ ખાસીયતો અને લાક્ષણિક્તાઓ તહેવારો સમયે ખાસ ઉજાગર થતી હોય છે જેમાં હોળીનો તહેવાર અહીંની પ્રજા માટે ખૂબ મહત્વનો માનવામાં આવતો હોય છે. તહેવારની ઉજવણી માટે અગાઉથી જ પરંપરાગત ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ભીડ ઉમટતી હોય છે. આદિવાસી હોળી પૂર્વે ઢોલની દાંડી પીટવામાં આવતી હોય છે. વિશિષ્ટ પ્રકારે ઢોલ વગાડી આદિવાસી પ્રજા પોતાનો ભાવ ઢોલના માધ્યમથી વ્યક્ત કરે એ પછી જ પરંપરાગત રીતે તમામ વિસ્તારોમાં હોળીની ઉજવણી શરુ થતી હોય છે. પંથકના પોશીના, કોટડા, માલવણ, દેમતી, અજાવાસ, આંબામહુડા, કલછાવાડ, કાલીકાંકરથી પણ વધુ ૫૯ જેટલા ગામડાઓમાં આજના આધુનિક યુગમાં પણ વસવાટ કરતી આદિવાસી પ્રજાએ પોતાની સંસ્કૃતિને જાળવવાનો પ્રયાસ જરુર કર્યો છે પરંતુ હોળીનું આગવું મહત્વ ધીરે ધીરે વિસરાઈ રહ્યું છે. આ વિસ્તારના જાણકારોનું માનીએ તો હોળીના પર્વ સમયે અગાઉની અદાવતો કોઈને કોઈ સ્વરુપમાં બહાર આવતી હોય છે જેથી હોળી પર્વ લોહીયાળ બની જતું હોવાના કારણે હવે હોળી સમયે થતાં આદિવાસી ભાઈ-બહેનોના સમૂહનૃત્યોને ઝાંખપ લાગી છે. સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ યોજના સહિતની યોજનાઓ અમલમાં મૂકી તેમના સર્વાંગી વિકાસનો પ્રયત્ન કરી રહી છે પરંતુ બીજી તરફ આ વિસ્તારની પ્રજા તહેવારો સમયે થતા હિંસક હુમલાઓથી વિશિષ્ટ ભાત પાડતી આદિવાસી સંસ્કૃતિથી દૂર ધકેલાય છે. જળ, જમીન અને જંગલ સહિતના પાસાં તેમજ કલા, સંગીત, નૃત્ય અને રીતરીવાજોને આજના સમયે બચાવા જરૂરી બની ગયા છે.

### રાવડી ઘેરના મેળામાં ઢોલ ઉપર પ્રતિબંધ

પોશીના પંથકમાં હોળીનું આગવું મહત્વ હોવાના કારણે અગાઉના વર્ષોમાં લાંબડીયામાં યોજાતા રાવડી ઘેરના મેળામાં ૮૦૦ થી વધુ ઢોલીઓ એકત્ર થઈ ઢોલ વગાડતા હતા. આ વિસ્તારના શિક્ષક બિરબલ રાઠોડે જણાવ્યું કે ઢોલ પીટવા સમયે અડસા ચડસીના કારણે લોહીયાળ ધિંગાણું થતું હોવાથી હોળીના ત્રીજા દિવસે યોજાતા આ મેળામાં સમૂહ ઢોલ વગાડવા ઉપર રોક આવી છે. હોળીની ઉજવણી માટે ભરાતા મેળામાં પારધી, બબડીયા, ગમાર, તરાર સહિતની આદિવાસી જાતિના લોકો એકત્ર થઈ ઢોલ વગાડી સમૂહ નૃત્યથી ખુશાલી વ્યક્ત કરતા હતા પરત એક જ જગ્યાએ ઢોલીઓના ભેગા થવા ઉપર પ્રતિબંધ આવી ગયો છે.



સાબરકાંઠા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ગ્લોરીયસ પબ્લિક સ્કૂલ, હિંમતનગર ખાતે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એ.રાઠવા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી. પ્રજાપતિ અને સ્ટાફ દ્વારા સાયબર ક્રાઇમ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં વિદ્યાર્થીઓને રોજિંદી જીવનશૈલીમાં બનતા સોશિયલ મિડીયા તેમજ બેકિંગને લગતા સાયબર ક્રાઇમ વિશે જાણકારી આપવામાં આવી. સદર સેમિનારમાં વિદ્યાર્થીઓ સહિત પ્રિન્સિપાલ , શિક્ષક ઓ એ હાજરી આપી.

## જન્મદિને વધામણી



પાર્થ સંજયભાઈ પંચાલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જિલ્લો અરવલ્લી



તેજસ અશ્વિનભાઈ સોની
ડેમાઈ તા.બાયડ



ધૈર્ય અતુલભાઇ પટેલ
તક્ષશિલા વિદ્યા કેમ્પસ,
બાયડ
બાયડ જિલ્લો અરવલ્લી

# ધી મોડાસા ઘાંચી એજ્યુકેશન સોશિયલ વેલ્ફેર ટ્રસ્ટ, મોડાસાની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

મોડાસા, તા. ૧૩

ઘાંચી હાઈસ્કુલ, ભેરુંડા રોડની બિલ્ડિંગમાં રવિવારના રોજ ને રવિવારે સવારે ૯:૩૦ કલાકે



સંસ્થાના પ્રમુખ હાજી સિકંદર ભાઈ વાઈ. સુથાર (રાજાબાબુ) ના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૨૦-૨૧ ની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી.

સભાની શરૂઆત તિલાવતે કુરાનથી કરવામાં આવી હતી. એજન્ડા મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ ના હિસાબો જનરલ સભા સમક્ષ રજુ કર્યા, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષણ સમિતિના ચેરમેન સઈદ અહેમદ ભુરાએ શિક્ષણ અંગેનો અહેવાલ અને આગામી આયોજન અંગે માહિતી આપી હતી.

સંસ્થાના પ્રમુખ દ્વારા સંસ્થાની હાલની પરિસ્થિતિ અને સંસ્થા દ્વારા ચાલતી શાળાની આર્થિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. સખી દાતાઓને પોતાના લિલ્લાહ - જકાત - દાન દ્વારા સંસ્થાને મદદ કરવા અપીલ કરી હતી. જનરલ સભામાં સંસ્થાના સેક્રેટરી હનીફભાઈ સીધવા, ઉપપ્રમુખ અબ્દુલ રઝાક ભાઈ ખાનજી, જોઈન્ટ સેક્રેટરી મોહમ્મદ આરીફ ભાઈ ગુજરાતી અને અન્ય સભાસદોએ સંખ્યામાં હાજરી આપી હતી.અંતમાં સેક્રેટરીએ આભાર વ્યક્ત કરી જનરલ સભા પૂરી થયાનું જાહેર કર્યું.

# બાયડમાં ઉમિયા રથ આવતાં પાટીદારો દ્વારા ઉમળકાથી સ્વાગત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

વિશ્વ ઉમિયાધામ અમદાવાદ દ્વારા ઉમિયા માતાની દિવ્ય રથ દરેક જિલ્લા અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં પરીભ્રમણ કરી રહ્યો છે. શનિવારે ઉમિયા રથ બાયડમાં આવી પહોંચતાં પાટીદાર સમાજના ભાઈ-બહેનોએ જય માં ઉમિયાના જય જય ઘોષ સાથે ઉમિયા રથનું ઉમળકાથી સ્વાગત કરવાની સાથે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. ધોમધખતા તાપમાં પણ પાટીદારોએ ઉમિયા રથને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવકાર્યો હતો. રથ સંયોજક વિમલ પટેલ, હર્ષદ પટેલ, નિશાબેન પટેલે જણાવ્યું કે તા. ૧૨ માર્ચ અરવલ્લી જિલ્લાના બાયડમાં માં ઉમિયાના દિવ્ય રથનું પરીભ્રમણ અર્થે આગમન થયું છે અને પાટીદાર સમાજ દ્વારા ઉમિયા રથને આવકારવામાં આવી રહ્યો છે.



### ૩૦૦ ગામડાઓમાં રથ પરીભ્રમણ કરશે

અમદાવાદના જાસપુરમાં ૫૦૪ ફૂટ ઉંચુ વિશ્વનું સૌથી ઉંચુ માં ઉમિયાનું મંદિર બની રહ્યું છે ત્યારે પાટીદાર પરિવારો વસવાટ કરતા હોય તે દરેક ગામોમાં માં નો રથ પરીભ્રમણ માટે નિકળ્યો છે. ૩૦૦ ગામડાઓમાં રથ પરીભ્રમણ કરશે અને માં ના આસ્થા, ધાર્મિક ભાવ સાથે જોડાઈ મંદિર નિર્માણ ઉપરાંત વિવિધ, સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક, ખેતી લક્ષી, વ્યવસાયિક યોજનાઓમાં પાટીદારોને જોડવાના પ્રયાસ કરી સમાજના સર્વાંગી વિકાસનો પ્રયાસ કરવામાં આવી રહ્યાનું જાણવા મળ્યું છે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ૩૮ ડીગ્રીએ પહોંચ્યો

### દિવસ દરમ્યાન આકાશમાંથી અગન ગોળા વછૂટ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

માર્ચ મહિનાનો આરંભ થતાંની સાથે આકાશમાંથી અગન ગોળા વછૂટી રહ્યા છે. જિલ્લામાં સતત બીજા દિવસે તાપમાનનો પારો ૩૮ ડીગ્રી રહેતાં પ્રજા ગરમીથી ત્રાહીમામ પોકારતી જોવા મળી. માર્ચના અંતિમ સપ્તાહમાં બોર્ડની પરીક્ષા અને વધતી ગરમીથી વિદ્યાર્થી અને વાલીઓ ચિંતિત જણાઈ રહ્યા છે. જિલ્લામાં રાત્રે ઠંડી અને દિવસે ગરમીનો માહોલ સર્જાતાં મિશ્ર ઋતુના કારણે માંદગીનું પ્રમાણ વધવા લાગ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અંકુશમાં આવતાં આરોગ્યનો સ્ટાફ લાંબા સમય પછી રાહત અનુભવી રહ્યો છે. હોળી પર્વ નજીક આવતું હોવાથી તેનો ઉત્સાહ પણ જોવા મળ્યો છે પરંતુ બપોર થતાં આકાશમાંથી અગનગોળા વછૂટવા જેવી સ્થિતિના કારણે જનતા કરફ્યુ ઠેકઠેકાણે જોવા મળ્યો છે. રસ્તા અને બજારો પણ બપોર થતાં સૂમસામ થઈ રહ્યા છે. આજ રીતે તાપમાનનો પારો ઉંચકાશે તો મહિનાના અંતમાં ડામર રોડ પીગળે તેવી પણ દહેશત સેવાય છે. આજે જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબે તેવી સંભાવના વ્યક્ત થઈ છે.

# આકરો ઉનાળો : જિલ્લામાં દૈનિક ૩૪૮ લાખ લીટર પાણીનો વપરાશ વધ્યો

### ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનો કકળાટ : જિલ્લાના દક્ષિણ પટ્ટામાં ટેન્કર દોડાવવાં પડે તેવી દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા, અરવલ્લીમાં કાળઝાળ ઉનાળાએ પ્રજાને ચિંતામાં ધકેલી દીધી છે. ગરમીનો પારો ઉંચકાય એટલે પાણીનો વપરાશ વધ્યો છે. સરેરાશ માથા દીઠ પાણીનો વપરાશ ૩ લીટર વધતાં જિલ્લાની ૨૬,૮૦,૦૦૦થી પણ વધુની માનવ વસતી માટે દૈનિક જરૂરીયાત ઉપરાંત ૩૪૮ લાખ લીટર પાણીનો વપરાશ વધતાં અનેક હેન્ડપંપ તેમજ સરકારી બોરકૂવા હાંફતા થઈ ગયા છે. તાપમાનનો પારો ઉંચકાશે તેમ માથાદીઠ પાણીનો વપરાશ દૈનિક વપરાશ કરતાં ૬ થી ૮ લીટર થવાની સંભાવના છે.

ઉનાળાએ જનજીવનને બંધીયાર બનાવી દીધો છે. વાતાવરણમાં ક્યારે પલ્ટાવ આવે તે નિશ્ચિત નથી. પરંતુ જિલ્લામાં કાળઝાળ ગરમીએ પ્રજાને ફફડાવી દીધા છે હજુ તો માર્ચ મહિનાનું માંડ પ્રથમ સપ્તાહ પુરૂ થયું છે ત્યાં તાપમાનનો પારો રોકેટ ગતિએ ઉંચકાતાં એપ્રિલનો મધ્યાંતર અને આખો મે. માસ અગનગોળા વરસાવશે ત્યારે ઉપર આભ અને નીચે ધરતીની જેમ જીવન જીવતા ગરીબ પરિવારો કેવી રીતે ગુજારો કરશે..?? તેવા સવાલ અત્યારથી થઈ રહ્યા છે. જિલ્લામાં જેમ ગરમીનો પારો ઉંચકાશે તેમ પ્રજાના દૈનિક પાણી વપરાશ ૧૦ લીટરથી વધુ ૧૩ લીટર થવા લાગ્યો છે. ટૂંકમાં સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાની ૨૬.૮૦ લાખની માનવ વસતી માટે ઉનાળાએ જબરૂ પાણીનું સંકટ ઉભું કરવાની દીશામાં મહાપ્રયાણ કર્યું છે. જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, મેઘરજ, માલપુર અને બાયડ તાલુકાના દક્ષિણ પટ્ટામાં પાણી માટે બુમરેગ શરુ થાય તેવી સંભાવના છે.

# ફલાવરનો ભાવ બે થી ત્રણ રૂપિયા મળતા ખેડૂતોમાં નિરાશા

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા ના ગામડાઓમા પણ મુખ્યત્વે શાકભાજી ના પાક મા ફલાવર ની ખેતી પુષ્કર પ્રમાણ મા થાય છે પણ હાલ ફલાવર ના ભાવ ના મળતા ફલાવર પકવતા ખેડૂતો મા નારાજગી જોવા મળી રહી છે. પ્રાંતિજ સહિત તાલુકા મા ફલાવર-કોબીજની ખેતી મોટા પ્રમાણમાં થાય છે અને પ્રાંતિજ તાલુકો ફલાવર-કોબીજ ની ખેતીમા જિલ્લા સહિત રાજયમા અવલ્લ નંબર વન છે અને પ્રાંતિજનુ ફલાવર-કોબીજ ગુજરાત ના શહેરો અમદાવાદ, વડોદરા, સુરત,રાજકોટ સહિતના નાના-મોટા શહેરો સહિત મહારાષ્ટ્રના મુંબઈ, પુણા, નાસિક સહિત દિલ્લી, ઉદેપુર સહિત વિદેશો મા પણ પ્રાંતિજના ફલાવરની માંગ છે ત્યારે હાલતો પ્રાંતિજ સહિત તાલુકા મા નાના ખેડૂતોથી લઈ ને મોટા ખેડૂતો દ્વારા અન્ય શાકભાજી ની અન્ય ખેતી છોડીને ફલાવર ની ખેતી તરફ વળતા ફલાવર નો પાક પુસ્કર પ્રમાણ મા તૈયાર થતા અને પુસ્કર પ્રમાણ મા ઉતારો ચાલુ થતા બજાર મા એક સાથે આવતા હાલ બજાર ભાવ ના મળતા ખેડૂતો ની હાલત કફોડી બની છે અને હોલસેલ મા ૨૦ કિલો નો ભાવ ૪૦ થી ૬૦ એટલે કે બજાર ભાવ ૨ રૂપિયા થી ૩ રૂપિયા જેટલો મળતા હાલ તો મોધુ બિયારણ દવા ,ખાતર , પાણી-ખેડ મહેનત સહિત પાઉચ (ઝભલા) જેવો ખર્ચ પણ માથે પડયો છે ત્યારે હાલ તો પુસ્કર પ્રમાણ મા પાક ને લઈ ને ફલાવર માર્કેટયાર્ડ ખાતે વેચાણ અર્થે આવે છે પણ ભાવ ના મળતા ખેડૂતો મા નિરાશા જોવા મળી રહી છે ત્યારે વધુ પડતા એક સાથે પાકને લઈને ખેતરો મા જયા જુવો ત્યા ફલાવર ના પાક ને લઈ ને સફેદ ચાદર જેવો માહોલ જોવા મળી રહ્યો છે.



# મોડાસા કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળીની રજત જયંતિ ઉજવણીમાં 'સંસ્કાર' કોમેડી નાટક સભાસદો નિહાળ્યું

મોડાસા, તા. ૧૩

શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લી મોડાસા રજત જયંતિ વર્ષ ઉજવણી નિમિત્તે તમામ સભાસદો અને નગરજનો માટે સુપર ડુપર સામાજિક કોમેડી સંસ્કાર નામનું નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે ઈસ્માઈલભાઈ દાદુ, મુખ્ય મહેમાન તરીકે મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી, મંડળીના ચેરમેન પંકજભાઈ બુટાલા, એસોસીએશનના પ્રમુખ કિરીટભાઈ શાહ, મંડળીના વાઈસ ચેરમેન, નવીનભાઈ શાહ, મંડળીના મેનેજિંગ ડિરેક્ટર રમણભાઈ પ્રજાપતિ, એસોસિયેશનના ઉપપ્રમુખ નરેન્દ્ર ભાઈ શાહ તેમજ નાટકના સહયોગીઓ આશ્કા રીયલ્ટીના આર્જવભાઈ કોઠારી અને જયેશભાઈ દોશી, શેઠ જ્વેલર્સના રમેશભાઈ શેઠ, જલારામ એગ્રીકલ્ચર ના જયંતીભાઈ પટેલ, ઈન્ડિયન ગેસ એજન્સીના આરીફભાઈ શેઠ, મંડળીના અન્ય પ્રોજેક્ટ મેડીકલ કેમ્પ અને શૈક્ષણિક કાર્યક્રમોમાં ના સહયોગીઓ પૂજા ફર્નિચરના રાજુભાઈ પટેલ, સલીમભાઈ દાદુ , નિરવભાઈ પ્રજાપતિ , ભાવેશભાઈ શાહ , અનિલભાઈ પટેલ , ભરતભાઈ બુટાલા, અનિલભાઈ બુટાલા નાટકના પ્રસ્તુતકર્તા અલકા આર્ટના અલ્પેશભાઈ શાહ, નાટકના દિગ્દર્શક મેહુલભાઈ પટેલ ને શાલ, મોમેન્ટો, અને ફૂલછડીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નગરની પ્રતિષ્ઠિત સંસ્થાના કાર્યકર્તાઓ, સભાસદો, એસોસિએશનના સલાહકારબોર્ડના સભ્યશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદેદારશ્રીઓ, તેમજ મંડળીના ચાલુ અને ભૂતપૂર્વ ડિરેક્ટરશ્રીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજ હોલને સુસજ્જીત કરવા માટે રાકેશભાઈ પંચાલ અને માઈક સેટિંગ માટે દિલીપભાઈ વાણંદ સ્મૃતિ ચિન્હ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. નાટકની શરૂઆતમાં ચેરમેન શ્રી પંકજભાઈ બુટાલાએ સ્વાગત પ્રવચન રજૂ કરી મંડળીની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો.

ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી નવીનચંદ્ર મોદીએ પણ શુભેચ્છા વ્યક્ત કરી હતી. મેનેજર શ્રી નરેશભાઈ શાહ કલાર્ક દિલીપભાઈ પ્રજાપતિ અને હસમુખભાઈ પ્રજાપતિએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન ડિરેક્ટર શ્રી મુકુંદ શાહે કર્યું હતું. મંડળી અને એસોસિએશન ના પરિવારે સભાસદો, મહેમાનો સાથે નાટકનો આનંદ માણ્યો હતો.

ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. પટેલ ધ્રુમિલ રાકેશભાઈ
જન્મ તારીખ : ૦૫/૦૬/૨૦૦૪
અક્ષર નિવાસ તારીખ : ૧૪/૦૩/૨૦૧૯

કરૂણા જેના હ્રદયમાં હતી, પરોપકાર જેના પગલામાં કોઇના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જેનો જીવનમંત્ર હતો, નથી હયાત પણ અમારી સમક્ષ છે એવું લાગ્યા કરે છે. હરઘડી આપની હાજરીનો આભાસ થાય છે. ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે. અંજલી આપણા હૈયું તુટે છે. શ્રધ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે. આપનું સ્મરણ અમારો જીવ છે, આપનો પ્રેમ અમારી મૂડી છે. વાહરે ! કુદરત તારી લીલા એમાં અમને કંઈ સમજ ન પડી. તારા ખજાનામાં શું એવી ખોટ હતી કે તારે ધ્રુમિલની જરૂર પડી ? પ્રભુ તારા આત્માને પરમ શાંતિ આપે એજ અમારી શ્રધ્ધાંજલિ.

લિ.

| | |
|---|---|
| પટેલ કાન્તિભાઈ બેચરભાઈ (દાદા) | પટેલ પ્રિતિબેન ચેતનભાઈ (કાકી) |
| પટેલ મંજુલાબેન કાન્તિભાઈ (દાદી) | પટેલ જિનલ ચેતનભાઈ (બહેન) |
| પટેલ રાકેશભાઈ કાન્તિભાઈ (પપ્પા) | પટેલ રાગીણી ચેતનભાઈ (બહેન) |
| પટેલ જોત્સનાબેન રાકેશભાઈ (મમ્મી) | પટેલ નંદિની ચેતનભાઈ (બહેન) |
| પટેલ ચેતનભાઈ કાન્તિભાઈ (કાકા) | પટેલ હર્ષિલ ચેતનભાઈ (ભાઈ) |

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# ડીસામાં ચાલતી ગૌ-કથા સાંભળવા માનવ મહેરામણ ઉમટયો...

ડીસા , તા. ૧૩

ડીસા શહેરમાં આવેલી શ્રી શાસ્ત્રીજી મહારાજ ગૌશાળામાં ગૌ સેવાના લાભાર્થે અને ગૌશાળાના વિકાસ કાજે શરૂ થયેલી પંચદિવસીય ગૌ કથાના બીજા દિવસે કથાના વક્તા શ્રી પરમ પૂજ્ય શ્રદ્ધા ગોપાલ દીદીના શ્રીમુખેથી વહેતી ગૌ કથાનું રસપાન અને શ્રવણ ?કરવા અને ભક્તિ સાગરમાં ડૂબકી લગાવવા માટે સમગ્ર ડીસા શહેર, તાલુકાના વિવિધ ગ્રામીણ વિસ્તારોના તથા સમગ્ર જિલ્લાભરમાથી ભાવિકો અને ગૌ ભક્તો,ગૌ સેવકો અને ઘોડાપૂર ઉમટ્યાં હતાં ત્યારે

લાટી બજારમાં આવેલી ગૌશાળામાં વિશાળ સમિયાણાની છત્રછાયા પણ ઓછી પડતા સમિયાણો મોટો બાંધવામાં આવી રહ્યો છે વધુમાં કથાના વક્તા શ્રી પરમ પૂજ્ય શ્રદ્ધા ગોપાલ દીદી ઉચ્ચ કક્ષાની વ્યાસપીઠ, વ્યાસપીઠ ઉપર બિરાજમાન થઈ ગૌકથાનુ રસપાન અને શ્રવણ કરવું એક લ્હાવો છે ત્યારે નગરના ઈતિહાસમાં સૌપ્રથમ વખત શરૂ થયેલી પંચદિવસીય ગૌકથા અને ગૌ મહોત્સવ અંતર્ગત વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે અને પરમ પૂજ્ય શ્રી સાધ્વી શ્રધ્ધા દીદીના શ્રીમુખેથી વહેતી ગૌ કથાનું શ્રવણ અને રસપાન કરી રહ્યા છે ત્યારે આજે ગૌ કથા મહોત્સવ અંતર્ગત ડીસા નગરપાલિકાના પ્રમુખ રાજુભાઇ ઠક્કર સહિત ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા અમદાવાદથી ભાવિકો ઉમટી પડ્યા હતા ત્યારે ગૌશાળા દ્વારા આવનાર પાલિકાના પ્રમુખ રાજુભાઇ ઠક્કર અને અમદાવાદના મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું

વધુમાં ઉલ્લેખનીય છે કે કથા નિમિત્તે બહોળા પ્રમાણમાં ધર્મપ્રેમી જનતાને કથા બાદ ગૌ ભક્તો અને ગૌ શાળા દ્વારા અને કથા દરમિયાન કોઈ પણ પ્રકારની તકલીફો ન થાય તે માટે ગૌભકત ભગવાનભાઈ બંધુ અને અન્ય નામી અનામી ગૌ ભક્તો દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી છે અને કોઇ પણ વ્યક્તિ ભૂખ્યું ન જાય તે માટે અલાયદું આયોજન કરવામાં આવ્યું છે.


